સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ દ્વારા સહાયિત અને પ્રવાહ દ્વારા સંકલિત,

# પીવાના પાણી માટેની નિદર્શન યોજનાઓ

## ખાખરલા ગામ

તાલુકો પાટડી, જિલ્લો સુરેન્દ્રનગર

અમલીકરણઃ  પાણી સમિતિ, ખાખરલા

**માર્ગદર્શકઃ સ્વાતિ - સોસાયટી ફોર વિમેન એક્શન એન્ડ ટ્રેનિંગ ઇનિશિયેટિવ**

## પહેલી નજરે...

| | |
|---|---|
| ગામ | ખાખરલા, તાલુકો પાટડી, જિલ્લો સુરેન્દ્રનગર |
| અમલીકરણ | પાણી સમિતિ, ખાખરલા |
| માર્ગદર્શક | સ્વાતિ - સોસાયટી ફોર વિમેન એક્શન એન્ડ ટ્રેનિંગ ઇનિશિયેટિવ |
| સહયોગ | પ્રવાહ, અમદાવાદ |
| મંજૂર થયેલ ખર્ચ | ૧,૮૪,૮૬૦ |
| સહયોગ | ૧,૬૯,૪૫૭ |
| જરૂરી લોકફાળો | ૧૫,૪૦૩ |
| એકત્ર થયેલો લોકફાળો | ૧૪,૭૩૭૫ |
| થયેલું બાંધકામ | એક કૂવાનું સમારકામ, રિચાર્જ વ્યવસ્થા, અવેડાનું બાંધકામ |
| પાણી સમિતિમાં સભ્ય સંખ્યા | ૧૨ (૮ બહેનો, ૪ ભાઇઓ) |
| નિદર્શનની સૌથી નોંધપાત્ર વાત | અહીં બિલકુલ નવા સ્રોતનો ખર્ચ કરવાને બદલે જૂના સ્રોતને ફરી ઉપયોગી બનાવવામાં આવ્યા, બહેનો તેમાં સૌથી વધુ સક્રિય રહ્યાં.<br><br>સાથોસાથ, માત્ર આ નિદર્શન પૂરતું ધ્યેય રાખવાને બદલે પાણી સમિતિના સભ્યો અને ગામલોકો ભવિષ્યમાં પણ આ રીતે સાથે મળીને પોતાની જવાબદારીઓ ઉપાડી શકે એટલા તેમને સક્ષમ બનાવવા માટે પહેલેથી જ પ્રયાસો કરવામાં આવ્યા. |

# સ્વૈચ્છિક સંસ્થા તથા સ્થાનિક સ્થિતિ

## સ્વાતિ - સોસાયટી ફોર વિમેન એક્શન એન્ડ ટ્રેનિંગ ઇનિશિયેટિવ

સ્વાતિ – સ્ત્રી વિકાસ અને તાલીમ સંસ્થા સુરેન્દ્રનગર જિલ્લાના ત્રણ તાલુકા ધ્રાંગધ્રા, પાટડી અને લખતરમાં છેલ્લાં ૧૩ વર્ષની કાર્યરત છે. સંસ્થા સંગઠનો દ્વારા બચત-ધિરાણ, આરોગ્ય, મહિલાઓ સાથે થતી હિંસા, કિશોર-કિશોરીઓનું શિક્ષણ, બહેનો નાના પાયે ઉદ્યોગ કરે એ માટે લોન અપાવી આર્થિક ઉપાર્જનનાં કામો ઉપરાંત મહિલા સરપંચોને સક્રિય કરવાં વગેરે ગ્રામ્ય સ્તરે વિકાસલક્ષી કામમાં સંકળાયેલ છે.

સ્થાનિક સ્તરે બહેનોના સંઘ બનાવી, તેમને તેમના પોતાના તથા વિસ્તારના પ્રશ્નોના ઉકેલની દિશામાં પ્રવૃત્તિ કરીને તેમને સક્ષમ બનાવવા એ સંસ્થાની પ્રવૃત્તિઓનું મુખ્ય ધ્યેય છે. આ ઉપરાતં, સંસ્થા પાણી અને જમીન ગ્રામીણ વિકાસના સંશોધનમાં પણ છેલ્લાં પાંચ વર્ષથી સંકળાયેલ છે.

પાણી એ બહેનોનો પ્રશ્ન છે. ઘર માટે પાણી ભરવું એ બહેનોની મુખ્ય જવાબદારી છે, પણ ફક્ત પાણી ભરવામાં જ નહીં, પરંતુ પાણી માટેની વ્યવસ્થા કે તેની સગવડતાના આયોજનમાં બહેનોની કોઈ ભૂમિકા હોતી નથી. આ વિચારધારામાં પરિવર્તન લાવીને મહિલાઓને આવા કામમાં પ્રાધાન્ય આપવા સંસ્થા પ્રયત્નશીલ છે.

## સ્થાનિક સ્થિતિ

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાનાં અનેક ગામડાંમાં પીવાના પાણીની તંગી, ગુણવત્તા અને નિયમિતતાના હંમેશા પ્રશ્નો રહ્યા છે. એમાં ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપને કારણે આ ગામોમાં પાણીનાં સંગ્રહસ્થાનો અને વિતરણ વ્યવસ્થાને ખૂબ મોટું નુક્સાન થયું છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સરકાર તરફથી, સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી ઘણા પ્રયાસો થયા છે. પરંતુ લોકભાગીદારી અને પાણી પુરવઠાની વિકેન્દ્રિત વિતરણ વ્યવસ્થાના અભાવે કદાચ આ પ્રયાસો ટૂંકા પડતા હોય તેવું લાગે છે.

નિદર્શન માટે પસંદ કરવામાં આવેલા ખાખરલા ગામે પણ આવી જ પરિસ્થિતિ જોવા મળે છે. આ ગામ તાલુકાના મુખ્ય મથક પાટડીથી ૧૪ કિ.મી. દૂર આવેલું એક અંતરિયાળ ગામ છે.

ખાખરલા ગામમાં સ્વાતિ સંસ્થા દ્વારા ૧૨ વર્ષથી મહિલા મંડળ ચાલે છે. ખૂબ જ સક્રિય અને સક્ષમ મંડળ છે. આ મંડળનાં બહેનો ફક્ત બચત–ધિરાણ જ નહીં પરંતુ વિકાસનાં કામો, બહેનોના પ્રશ્નો, આજુબાજુનાં ગામના કે વિસ્તારના પ્રશ્નોમાં પણ સક્રિય રસ લે છે. તેમની મથામણને કારણે ગામ સંપૂર્ણ સ્વચ્છ પણ બન્યું છે. તાલુકામાં એકતા તેમ જ સંપના પ્રતિકરૂપે આ ગામની ગણતરી થાય છે.

ગામ ખૂબ નાનું છે, ૬૫ ઘરો છે, વધારે ઠાકોર, સાધુ, વાળંદ વગેરે કુંટુંબો રહે છે. આર્થિક રીતે ગામ ગરીબ છે, વાહન વ્યવહારની સગવડતા નથી, આસપાસની ગામની ખેતી ઉપર આધારિત છે. તેમ છતાં, જ્યારે પણ ગામમાં વિકાસનાં કામો કરવાની વાત આવે ત્યારે ગામના તમામ લોકો ખૂબ જ ઉત્સાહથી તેમાં ભાગ લે છે.

## નિદર્શનનો હેતુ અને સમજ

એક એવી પીવાના પાણીની વ્યવસ્થા થાય કે જેમાંથી ગામના સ્રોત મજબૂત બને, પાણીની સગવડતા ઊભી થાય, આસપાસનાં ગામ વચ્ચે નમુનારૂપ નિદર્શન પ્રત્યે લોકો વાકેફ થાય, ગામની બધી જ્ઞાતિના લોકોને સ્વચ્છ અને સલામત પાણી મળે તેવું આયોજન કરી પાણી સમિતિ દ્વારા ગામ પાણીના મુદ્દે સ્વાવલંબી બને તેવા હેતુ અને સમજ સાથે આ ગામમાં નિદર્શન યોજવામાં આવ્યું.

**કાર્યક્રમના ઉદ્દેશો**

- પાણીની વિકેન્દ્રિત વ્યવસ્થા ઊભી કરી સમાન, ન્યાયી વહેંચણી કરવી
- લોકભાગીદારીથી વહીવટી કામમાં પારદર્શકતા જાળવવી
- પાણીના સ્રોતની જાળવણી, પાણીની વહેંચણી તેમજ નિભાવણીનું સંચાલન કરવા પાણી સમિતિને સક્ષમ બનાવવી
- હયાત પાણીના સ્રોત સાથે સ્થાનિક સ્રોતને જીવંત રાખી ગામલોકોને નવા વિચારોથી પાણી મળી રહે તેવાં સ્ટ્રકચરો ઊભાં કરવાં
- ઘર, શેરી અને ગામમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવી

**કાર્યક્રમનો અભિગમ**

- ગામના પરંપરાગત સ્રોતની દેખભાળ, સાર સંભાળ, નિભાવણી, જાળવણી
- પીવા અને વપરાશ માટે અલગ સ્રોતની વ્યવસ્થા
- પાણી અને સ્વચ્છતાની સુવિધાઓમાં ગામમાં વિકેન્દ્રિકરણની વ્યવસ્થા ઊભી કરવી

**કાર્યકની પદ્ધતિ**

- લોકોમાં કાર્યક્રમની સમજ અને સ્વીકાર
- પાણી સમિતિની રચના કરી તેને કાર્યરત કરવી
- સ્વચ્છતા અને ગ્રામ સફાઈના ઝુંબેશ કાર્યક્મો
- લોકફાળો સમયસર એકઠો કરવો
- કામના આયોજન પ્રમાણે, ગુણવત્તા અને પારદર્શકતાના આગ્રહ સાથે અમલીકરણ કરવું

**કાર્યક્રમના સિદ્ધાંતો**

- લોકભાગીદારી
- સ્થાનિક જરૂરિયાતો અનુસારનું આયોજન
- વહીવટી પારદર્શકતા
- લોકોની ક્ષમતા વધારવી
- વિવિધ જ્ઞાતિઓની ભાગીદારી

## નિદર્શનની પ્રક્રિયા

સૌથી પહેલાં તો, પાણીની જરૂરિયાત, ગામલોકોની કામ કરવાની ક્ષમતા તથા ગામમાં ચાલતા મજબૂત મંડળને ધ્યાનમાં રાખીને આ ગામમાં નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું. ગામની વસ્તી, જ્ઞાતિઓ વચ્ચેની એકતા, આસપાસના ગામોની ભૌતિક પરિસ્થિતિને પણ ધ્યાનમાં રાખવામાં આવી. ફક્ત આ કાર્યક્રમ પૂરતું જ નહીં પરંતુ ભવિષ્યમાં પણ પાણીના મુદ્દા ઉપર પાણી સમિતિ જાતે કામ કરી શકે તેવી તેને સક્ષમ બનાવવા પર પહેલેથી ભાર મૂકવામાં આવ્યો.

**<u>કાર્યક્રમ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ</u>**

- કાર્યક્રમની મંજૂરી અને સ્વીકૃતિની ગ્રામસભા
- કામ માટેનો સામાજિક અને ટેકનિકલ અહેવાલ તૈયાર કરવો
- બહેનો સાથે ફળીયા મીટિંગ
- પાણી સમિતિ સભ્યોની ક્ષમતાવર્ધન તાલીમ
- પાણી સમિતિ સભ્યોનો પ્રેરણા પ્રવાસ.

*<u>ગ્રામસભા</u>*

ગ્રામસભામાં, ગામમાં ચાલતાં કામોની જાણકારી તથા તેમાં પડતી મુશ્કેલીઓની માહિતી આપવામાં આવે છે. ખાસ કરીને ૧૦% લોકફાળો એકત્ર કરવો, પાણી સમિતિની રચના કરવી, કામોની જવાબદારી, તેના રેકોર્ડ નિભાવવા વગેરે મુદ્દાની ચર્ચા ગ્રામસભામાં કરવામાં આવે છે. આ સાથે થયેલા કામોના હિસાબો ગ્રામસભામાં રજૂ કરવામાં આવે છે.

*<u>બહેનો સાથે ફળીયા મીટિંગ</u>*

વિકાસના કામોમાં બહેનોની સામાન્ય રીતે ગણતરી થતી નથી, પરંતુ તેમની કોઠાસૂઝ, નવા વિચારો કંઈક અલગ હોય છે. આવા જ વિચારોથી ખાખરલા ગામની અદર વારંવાર મહિલા મંડળો સાથે બેઠકો યોજવામાં આવી છે. લોકફાળાના કામમાં બહેનોએ સારી ભૂમિકા ભજવી છે.

*<u>પાણી સમિતિની બેઠકો</u>*

માલસામાનની ખરીદી, કામનો કોન્ટ્રાક્ટ આપવો, કામની મંજૂરી લેવી, નવા કામ માટેનો ઠરાવ લેવો, કામ દરમ્યાન રેકોર્ડ નિભાવવા આવી જવાબદારી, ફરજો અંગે પાણી સમિતિ સક્ષમ બને માટે અલગ અલગ દિવસે સમય પ્રમાણે બેઠકો કરવામાં આવી છે.

*<u>પાણી સમિતિની ક્ષમતાવર્ધન તાલીમ</u>*

કાર્યક્રમની ગુણવત્તા સચવાય તે માટે કેટલીક બાબતોથી પાણી સમિતિને પરિચિત કરવા યોગ્ય છે. ખાસ કરીને કામકાજની દેખરેખ, માલસામાનની ગુણવત્તાની ચકાસણી તથા સાચવણી વગેરે બાબતોની તાલીમ પાણી સમિતિના સભ્યોને લાંબા ગાળા સુધી ઉપયોગી થાય તેમ છે. આથી તેમને વિવિધ બાબતોની તાલીમ આપવામાં આવી છે.

*પ્રેરણા પ્રવાસ*

પ્રેરણા એ વિકાસની કડીનું સોપાન છે. આત્મવિશ્વાસ અડગ હોય તો ગમે તેવા સંઘર્ષથી પાર પડી જવાય છે. તો આવા કામમાં ગામમાં આવતી મુશ્કેલી, નવા વિચારો માટે અલગ વિસ્તારોની પરિસ્થિતિ અનુકુળ થયેલા કામો જોવા અરસ પરસનો અનુભવ મેળવવા પાણી સમિતિએ ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ – દ્વારકા, આશાપુરા ટ્રસ્ટ – ધ્રોલ, આગાખાન સંસ્થા – સાયલા વગેરે સંસ્થાઓના માર્ગદર્શનમાં ગ્રામ્ય સ્તરની પાણી સમિતિએ કરેલાં કામને જોવા અને જાણવા માટે ખાખરલા ગામની પાણી સમિતિએ પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ પરિબળો, અડચણો અને જોખમો**

- મુખ્યત્વે ગામલોકો અને પાણી સમિતિએ એકઠો કરવાનો લોકફાળો
- સમય અનુસાર કામ પૂર્ણ કરવામાં અડચણો
- વધઘટ થતા માલસામાનના ભાવ અંગેની સમસ્યાઓ
- બજેટ પ્રમાણે પૂર્ણ કરવામાં અડચણ

## નિદર્શનનો ભૌતિક અને યાંત્રિક દૃષ્ટિકોણ

નિદર્શન હેઠળ, ગામમાં કૂવાનું સમારકામ, રિચાર્જ પીટ, પાથ-વે, પાઇપ કલ્વર્ટ અને એક અવાડાનું કામ કરવામાં આવ્યું.

- ગામ લોકોની પાણીની મુશ્કેલી બે માસ (એપ્રિલ – મે) પૂરતી હતી. આ બે માસમાં સાઈકલ પર ચાર કિ.મી. દૂર રહેલા બીજા ગામે જઈને પાણી લાવવું પડતું હતું. ઉપરાંત રાતના બાર – બે વાગ્યા સુધી જાગીને વીરડા ગાળવા પડતા હતા. આ મુશ્કેલીમાંથી બહાર નીકળવામાં આ સ્ટ્રકચર ઉપયોગી બનશે.
- આસપાસનાં પ થી ૬ કિ.મી.ના અંતરે આવેલા ગામોમાં આ પ્રકારની કામગીરી થયેલ નથી. બિલકુલ નવાં સ્ટ્રકચર ઊભાં કરવાને બદલે જૂનાં સ્ટ્રકચરોમાં સુધારો કરી, પાણીને રોકીને પાણીના જથ્થામાં ઉમેરો કરવાનો આ પ્રયાસ નવીન છે.
- હાલના સમયે જોતાં વરસાદનું પાણી ભરાઈ જતાં ઉપયોગ થઈ રહ્યો છે.
- નિભાવણી અને સ્થાનિક ક્ષમતા મુજબ ઘરદીઠ રૂ. ૧૦/- વેરો લેવાનું નક્કી થયું છે અને પાણી સમિતિ આ નાણાંનો ઉપયોગ પાણીના સ્ટ્રકચરોને રીપેર કરવામાં કરશે.
- પાણીની ઉપલબ્ધતા સંપૂર્ણ રીતે બરાબર છે, ગુણવત્તાની રીતે પણ મીઠું અને સ્વચ્છ છે, આરોગ્ય ઉપર કોઈ જ અસર થાય એવું નથી. પાણી સમિતિ તેની દેખરેખ રાખે છે.

## નિદર્શનનો આર્થિક દૃષ્ટિકોણ

નિદર્શન યોજના હેઠળ જે કંઈ કામ કરવામાં આવ્યું તે પહેલેથી મુકેલા અંદાજ અનુસાર ખર્ચની મર્યાદામાં જ પૂરું થયું. ઉપરાંત, ગામલોકોએ પોતાના જ કામ માટે મજૂરી મળી રહેતાં તેમને રોજગારી પ્રાપ્ત થઈ. ગામની પાણી સમિતિએ કેટલાં નાણાં છે, કેટલો લોકફાળો મેળવવાનો છે તેનો પાકો અંદાજ મેળવીને પછી કામ શરૂ કર્યું હતું. ઉપરાંત, પાણી સમિતિએ સમગ્ર કામ દરમિયાન કયા કામ પાછળ કેટલાં નાણાં ફાળવવામાં આવ્યાં છે અને કેટલો ખર્ચ થયો છે તેની સંપૂર્ણ પારદર્શક માહિતી ગામમાં એક બોર્ડ પર મૂકી હતી.

## નિદર્શનનો સામાજિક દૃષ્ટિકોણ

- નિદર્શનની પ્રક્રિયામાં પાણી સમિતિની સંપૂર્ણ સહભાગીતા રહી. પાણી સમિતિનું અરસપરસનું સંકલન સારું હતું. સમિતિમાં બહેનો વધુ સક્રિય હતાં.
- સંસ્થા દ્વારા પાણી સમિતિ પર પૂરો વિશ્વાસ મૂકીને બધા કામની અને મુશ્કેલીઓ આવે તો તેના નિરાકરણની જવાબદારી પણ તેમને જ સોંપવામાં આવી હોવાથી પાણી સમિતિ વધુ સજાગ અને સક્રિય રહી છે.
- બધી પ્રક્રિયામાં વંચિત-પછાત કોળી તથા વાલ્મિકી સમાજના લોકો પણ સંકળાયા હતા. તેમાં પણ નેવું ટકા મહિલાઓની ભાગીદારી રહી છે.
- ગામમાં સહિયારી રીતે કામ કરવાનું એક વાતાવરણ ઊભું થયું છે, દરેક જૂથ સમાજ વચ્ચે તેમ જ પુરુષો અને મહિલાઓ વચ્ચે સંકલન વધ્યું હોવાથી કામ કરવાની આવડત, સક્ષમતા કેળવાય છે.

## પ્રશાસન અને સંસ્થાકીય માળખું

આ ગામમાં સંસ્થા દ્વારા બાર વર્ષથી મહિલા જૂથ ઊભું કરવામાં આવ્યું હોવાથી અહીં સંસ્થાકીય માળખું પહેલેથી ઘણા અંશે સારી રીતે ગોઠવાયેલું હતું.

આ નિદર્શન કાર્યક્રમ પહેલાં પણ ગામની અંદર તળાવ ઊંડું કરવાની કામગીરી પાણી સમિતિએ ખૂબ સરસ રીતે કરી હતી. જેમાં મજૂરોની દેખરેખ, માપણી, ચૂકવણું, માલસામાનની દેખરેખ વગેરે કામ કર્યાં હતાં. એ રીતે આ વર્ષે પણ નિદર્શન કાર્યક્રમમાં પાણી સમિતિએ પોતાની રીતે કાર્યનું સંચાલન, જવાબદારી, કામમાં આવી પડેલી મુશ્કેલી, લોકફાળો ઘરે ઘરે જઈને એકઠો કરવો વગેરે બાબતોને સ્વીકારી કામમાં રસ લઈ, ગુણવત્તાભર્યું કામ કર્યું છે.

ગામ ખૂબ નાનું અને અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું હોવા છતાં, પાણી સમિતિએ સક્ષમતા દાખવીને, સૌનો સાથ મેળવીને અન્ય ગામો માટે ઉદાહરણરૂપ નિદર્શન કરી બતાવ્યું છે.

## નીતિ વિષયક હિમાયત

નિદર્શન દરમિયાનના અનુભવો પરથી નીચેના મુદ્દાઓનું મહત્વ સ્પષ્ટ થાય છેઃ

- પાણી સમિતિ સાથે વારંવાર બેઠક યોજીને કાર્યક્રમનો યોગ્ય અમલ કરી શકે તે રીતે સભ્યોની સમજ અને આવડત વિકસાવવી અત્યંત જરૂરી છે.
- જો નિદર્શન ફરી વખત કરવું હોય તો પ્રથમથી કાર્યક્રમ ઘડતી વખતે જ પાણી સમિતિને સાથે રાખી, કામના ભાવો ધ્યાનમાં રાખીને, કામ કઈ રીતે કરવું તેના નિયમો નક્કી કર્યા પછી જ આયોજન આગળ વધારવું જોઈએ.

વધુ માહિતી માટે સંપર્ક : **પ્રવાહ મધ્યસ્થ કાર્યાલય**

જી-૨, રક્ષા એપાર્ટમેન્ટ, ૨૦૦, આઝાદ સોસાયટી, પોલિટેકનિક રોડ, આંબાવાડી, અમદાવાદ - ૧૫

ફોનઃ ૦૭૯-૨૬૭૬ ૨૫૯૦, ૨૬૭૬ ૩૯૮૪ E-mail: pravah@gmail.com, Website: www.pravah-gujarat.org